મુક્તિ માર્ગના

નાના-મોટા સહુ સાધકોના જીવનમાં

પ્રકાશ પાથરતું

# મુક્તિ કૃપા

વર્ષ ૩૧

અંક ૦૨

ફેબ્રુઆરી ૨૦૨૩

**દિવ્ય કૃપા :**
સ્વ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.દે.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
નવકારમંત્રના આરાધક બા.બ્ર.પ.પૂ.સા.

# મુક્તિ કૃપા

સળંગ અંક ૧૨૨



**શ્રી મુક્તિશ્રીજી મ.સા.**

**શુભાશિષ :**
વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**પ્રેરણા – માર્ગદર્શન :**



**પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

**પ્રકાશક :**
શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી

**મેનેજીંગ ટ્રસ્ટી :**
શ્રી પ્રજેશભાઇ વિરચંદભાઇ નારાણજી



સંસ્થાપક :
સ્વ. વિરચંદભાઇ નારાણજી કાનજી

**આદ્ય સંપાદિકા :**
સ્વ. ઇન્દિરાબેન જયંતીલાલ વિકમશી
B.com(Hons.) FGA (Lon) F.F.I.S.E.M.

**માનદ્ સંપાદિકા :**
શિલ્પાબેન અજાણી
(B.com, D.G., F.G.A. (Lon), F.F.I.G.)

વર્ષ ૩૧ અંક ૨

## વિષયાનુક્રમ


૧. અર્હતની આંગળીયે...શિલ્પાબેન અજાણી.૦૧
૨. અશ્વાવ બોધ..........................૦૪
૩. સતી નંદયંતી..........................૦૮
૪. જયલક્ષ્મી બાગ........................૧૧
૫. લોહિત્યગિરિ..........................૧૬
૫. CHILDREN'S CORNER..............૧૭
૬. જ્ઞાન સુધારસ પીજે......................૧૯
૮. ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા....................૨૨




**પ્રેરણા – માર્ગદર્શન**
ખાનદેશરત્ના પ.પૂ. ડો. સાધ્વી
શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.
સંકલન –
સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.

**અગત્યની સુચના :**
**સહુ વાંચકો માટે : સહુ લેખકો માટે**

જય જિનેન્દ્ર સહ સહુ વાંચકોને જણાવવાનું કે તમને તમારી કોઇ પણ કૃતિઓ ‘‘મુક્તિ કૃપા’’માં છપાવવી હોય તો તે કૃતિઓ સીધી પ્રેસ ઉપર મોકલવી નહીં. પ્રેસ ઉપર મોકલવામાં આવતી કોઇ કૃતિનો સમાવેશ મુક્તિ-કૃપામાં કરવામાં આવશે નહીં. તમારે તમારી કૃતિઓ ‘‘મુક્તિ-કૃપા’’ ના હુબલી સ્થિત મુખ્ય કાર્યાલયમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તમારી કૃતિઓ યોગ્ય લાગશે તો જ ‘‘મુક્તિ-કૃપા’’માં છાપવામાં આવશે. ન છપાયેલ કૃતિઓ પાછી મોકલવામાં આવશે નહીં.

**લિ. શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**

**NARANJI KANJI CHARITABLE TRUST,**
2ND FLOOR, BUILDING NO 2,
ENKAY COMPLEX, KESHWAPUR,
**HUBBALLI - 5800 23.**
(KARNATAKA STATE) Mo. 9448350125

## શ્રુત રત્ન

૧. નરશી જેઠાભાઈ દંડ — વરાડીયા- મલકાપુર
૨. વીરચંદ નારાણજી કાનજી — નલીયા-હુબલી
૩. સ્વ. માતાજી નેણબાઈ ઉંમરશી માલશીના
સ્મરણાર્થે હઃ રવિન્દ્ર નરશી લોડાયા — નલીયા
૪. ગોર્વિંદજી લખમશી લોડાયા — સુથરી
૫. ટોકરશી દામજી ધરમશી — જસાપર
૬. શ્રી પારોલા ક.દ.ઓ. જૈન મહાજન — પારોલા
૭. સોમચંદ ભાણજી લાલકા — વારાપધર
૮. ચાંપશી માણેકજી લોડાયા — સાંધવ
૯. ચીમનલાલ નરશી પાસુભાઈ છેડા
હ : પુષ્પાબાઈ ચીમનલાલ છેડા — કોડાય
૧૦. મનોહર ટી. છાબરીયા — મુલુંડ
૧૧. કેકીન દીનેશ દંડ — મુલુંડ
૧૨. માણેકજી કુંવરજી નાગડાના સ્મરણાર્થે
હ : પ્રતાપ માણેકજી શાહ — હુબલી
૧૩. ઉમરશી માલશી લોડાયાના સ્મરણાર્થે
હઃ શા પ્રફુલ નરશી લોડાયા — નલીયા
૧૪. ઝવેરચંદ ખીમજી મોમાયા — ડુમરા
૧૫. લક્ષ્મીચંદ કેશવજી માંડણ — વારાપધર
૧૬. માતુશ્રી નવલબાઈ નરશી સોની — સુથરી
૧૭. હેમલતાબેન વસંતકુમાર વિકમશી — દાદર
૧૮. શાહ ગોવીંદજી શીવજી લોડાયા પરિવાર ઘાટકોપર
૧૯. શ્રીમતી જ્યોતિ ચિમનલાલ ખોના — સાયન
૨૦. સ્વ. માણેકજી નરશી લોડાયા
(ઉર્ફે બાબુભાઈ શેઠ ગુંદરવાળા)
ધનલક્ષ્મીબેન ધનરાજ કુરવા હાલ — કેનેડા
૨૧. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિર અને
શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વે. સંઘ — માટુંગા
૨૨. શ્રીમતી રમીલાબેન મણીલાલ ભટારા (મોમાયા)
નલિયા-ઘાટકોપર
૨૩. શ્રી બાબુભાઈ એમ. છેડા — માટુંગા-મુંબઈ
૨૪. શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ
દેવલાલી (કેમ્પ)
૨૫. શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ — દેવલાલી
૨૬. શ્રીમતી ઈંદીરાબેન જયંતિલાલ વીકમશી — મુંબઈ
૨૭. પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
સ્મૃતિ અર્થે શ્રી કચ્છી હીતવર્ધક
ગૃહ ઉદ્યોગ કેન્દ્ર — હુબલી
૨૮. બેન નવલબાઈ હંસરાજ લોડાયા
હઃ જયાબાઈ ગુલાબચંદ ડાઘા — પારોલા
૨૯. બાઈ લક્ષ્મીબાઈ દામજી પોલડીયા — ફૈજપુર
૩૦. ચિ. દલેશભાઈ તથા નિલમબેનના વર્ષીતપ
અનુમોદનાર્થે શ્રીમતી જયાબાઈ ઝવેરચંદ
મોમાયા સાહેરા — ચાલીસગાંવ
૩૧. ચિ. પલ્લવી વીરચંદ શાહ
હઃ સૌ. વિમલા (કસ્તુરી) વીરચંદ શિયાળ — નાંદેડ
૩૨. શ્રીમતી મધુરીબાઈ નવીનચંદ સોનાવાલા — બેંગલોર
૩૩. શ્રીમતી ગુણવંતીબેન રતિલાલ શાહ — બુ-હાનપુર
૩૪. માતુશ્રી દેવકુંવરબેન મેઘજી વેલજી ધરમશી
હઃ ડો. ઉર્વશી, પ્રિયવંદા, તક્ષશિલા અને વિધાતા –ગોરખડી
૩૫. માતુશ્રી માનબાઈ માલશી કલ્યાણજી મોતા – કુવાપધર
હાલ કલકત્તા હસ્તે કવિ પ્રેમચંદ મોતા
૩૬. શ્રી હીરાચંદ અરજણ પટેલ – બાંઢીયા – ઐરોલી
૩૭. શ્રીમતી નયના અશોક લાપશીયા – મુલુંડ
૩૮. ચિ. વિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અ.સૌ. હિના ડો. રણધીર–મુલુંડ
૩૯. ભૂમિ અને ઇશા સંજય પીર – ન્યુ જર્સી
૪૦. શ્રીમતી રાજબાઈ કેશવજી મોમાયા – મુંબઈ
હઃ સૌ. જશમા હીતેશ મોમાયા
૪૧. શ્રીમતી નિર્મલાબાઈ સુમતિચંદ લોડાયા– નાસિક
૪૨. શ્રીમતી દમયંતી શિવજી દંડ – મુલુંડ (વે.) – સેવક ભરૂડીયા

### જ્ઞાન દાનનો અનોખો લાભ

પરમાત્માએ જ્ઞાનની ગંગા વહેવડાવી... ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોએ આ વાણી આપણા સુધી પહોચાડવા પ્રયત્ન કર્યો.. હવે અમે આ વાણીને ઘર-ઘરમાં પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આપ સહુનો સહકાર અમારા સંકલ્પને સિદ્ધિ અપાવશે. આવો જ્ઞાન-દાનનો અનોખો લાભ લઈ મળેલી સંપત્તિને સફળ બનાવીએ.

આ યોજનામાં લાભ લેનાર ભાગ્યશાળીઓને ટ્રસ્ટમાંથી બહાર પડતું સાહિત્ય ભેટ આપવામાં આવશે.
જ્ઞાન દાનનો અનોખો લાભના યોજનાની જાણકારી માટે પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા
નીચે જણાવેલ હુબલી ટ્રસ્ટનું સંપર્ક સાધવા વિનંતી.

**લિ. શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**

**NARANJI KANJI CHARITABLE TRUST,** 2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX,
KESHWAPUR, **HUBBALLI - 5800 23.** KARNATAKA STATE Mo. 9448350125

**અંક ન મળ્યાની ફરિયાદ :** ''મૃક્તિ કૃપા'' ત્રિમાસિક અંક છે. દર વર્ષે ફેબ્રુઆરી, મે, ઓગષ્ટ, તથા નવેમ્બરની ૧૦ તારીખના નિયમિત પાલીતાણાથી પોસ્ટ કરવામાં આવે છે. તમને તા. ૨૫ સુધી અંક ન મળે તો તમારા સભ્ય ક્રમાંક સાથે પાલીતાણા ફરીયાદ કરવી. અંક શિલકમાં હશે તો તમને મોકલવામાં આવશે. સભ્ય ક્રમાંક વિનાની ટપાલ ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.
અંક ન મળ્યાની ફરીયાદ નીચેના સરનામે કરવી.
''મુક્તિ કૃપા'' અશોક પ્રિન્ટરી, દરબાર ચોક, પાલીતાણા. ૩૬૪૨૭૦. મો.૯૮૯૮૭૫૩૮૭૦.

# શ્રી શત્રુંજય એકેડમી

સંચાલિત

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ જી. જલગામ, મહારાષ્ટ્ર– ૪૨૪ ૧૦૧.

**શુભાશીર્વાદ**
શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**દિવ્યકૃપા**
આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.

**પ્રેરણા માર્ગદર્શન** – પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

મળેલા માનવભવને સફળ કરવા...

મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા...

જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ–શ્રાવક બનવા..

સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા..

જીવનમાં સુખ–શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં

### જોડાવવા હાર્દિક આમંત્રણ

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે
પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે.

વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi — Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને ''સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.


**સંપર્ક સૂત્ર**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ
મોંઢા રોડ, ઔરંગાબાદ–૪૩૧૦૦૧.
Mo. 76204 81883

**સંપર્ક સૂત્ર**
SHILPA AJANI
MUMBAI
Mo. 9821113338
Email : shilpaajani1@gmail.com

**સંપર્ક સૂત્ર**
લતાબેન વીકમશી
૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,
મસ્જીદ બંદર, મુંબઈ–૪૦૦ ૦૦૯.
Mo. 9323944117.

સંપર્ક સૂત્ર – હેમલ પોલડિયા C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ. Mo. 8956372227

# અર્હતની આંગળીયે

વીતરાગ પથિકોને વિનયવંદન!!!

લગભગ એક મહિના પહેલા જૈન તીર્થ રક્ષા માટેના સંઘર્ષ નિમિત્તે જૈન ધર્મની ઐતિહાસિકતા વિશેની ચર્ચા પણ ચાલી. જાણવા મળ્યું કે અત્યાર સુધીનું સૌથી આશ્ચર્યજનક તથ્ય, કાઠિયાવાડમાં મળેલા તામ્રપત્રના શિલાલેખના આધારે પુરાતત્વવિદ ડૉ. પ્રાણનાથના સમજાવ્યા મુજબ, એ હતું કે ઈશુના હજાર વર્ષ પૂર્વે જૈન ધર્મની ધજા છેક પશ્ચિમી એશિયા સુધી લહેરાઈ રહી હતી. બેબલોનના સમ્રાટ રાજા નેબુચંદ્રનેઝારે (રાજ્યકાળ ઈસુ પૂર્વે વર્ષ ૧૧૨૬ થી ૧૧૦૩) ગિરનારની યાત્રા કરી, રૈવતક પર્વતના મૂળનાયક દેવ નેમિનાથ (અથવા અરિષ્ટનેમી) ને શ્રદ્ધાંજલિ અર્પી, નેમિનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને ત્યારબાદ તેના રખરખાવ માટે વાર્ષિક અનુદાન આપવાની જોગવાઈ પણ કરી હતી.

ગિરનાર એ ગુજરાતમાં જૂનાગઢ નજીક સમુદ્ર સપાટીથી ૩૧૦૦ફૂટની ઊંચાઈએ આવેલી પર્વતમાળા છે. ગિરનારને પ્રાચીનકાળમાં રૈવત કે ઉજયન્ત તરીકે ઓળખવામાં આવતો હતો. તેરરમા તીર્થંકર નેમિનાથને સમર્પિત હતો અને ઈ.સ. પૂર્વે ૨૫૦ સમ્રાટ અશોકના કાળ સુધી જૈનોનું યાત્રાધામ હતું.

પર્વત પરના મંદિરોના ઝુમખા તેના શિખરને જાણે મંદિરોના ગામ જેવા બનાવે છે. મંદિરની ભવ્યતા અને સુંદરતા અજોડ જ નહીં પરંતુ અલૌકિક છે.

ભૂતકાળમાં ઘણા જૂથોએ ગિરનારના મહાન મંદિરોની માલિકીપર પોતાનો દાવો દાખવવાનો પ્રયાસ કર્યો છે. આ તે શહીદોની વાત છે, જેમણે આ મંદિરની ભક્તિ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

ધામનુલી ગામમાં ધર નામના જૈન શ્રાવક રહેતા હતા. પાછલા જીવનમાં તેમના પુણ્ય કાર્યોના પરિણામે, તેમને તેમના વર્તમાન જીવનમાં પુષ્કળ સંપત્તિ પ્રાપ્ત થઈ હતી. એકવાર, સંપત્તિનો ધાર્મિક અને સેવાકીય કાર્યોમાં ઉપયોગ થાય એ હેતુથી વેપારી ધર તેમના પાંચ પુત્રો અને જૈન સમુદાયના સભ્યો સાથે ગિરનારના મહાન મંદિરની યાત્રાએ ગયા. માર્ગમાં, તેઓએ જૈનધર્મનું ગૌરવ વધારતી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરી. તેઓએ ગિરનાર પર્વતની તળેટીમાં તંબુ નાખ્યા.

આખું જૂથ બાવિસમા તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથના દર્શન અને પૂજા કરવા માટે ઉત્સુક હતું, વેપારી ધરનુ મન આનંદથી છલકાઈ રહ્યું હતું પરંતુ તેનો આનંદ અલ્પજીવી હતો. પર્વતો પર ચઢવાનો પ્રયાસ, શ્વેતાંબર

પંથના એવા, ધરના જૂથે કર્યો કેતરત જ તેઓને દિગંબર સંપ્રદાયના રાજા દ્વારા અટકાવવામાં આવ્યા. દિગંબર રાજાની સેનાએ ધર્ષ શ્રાવકના સંઘ ઉપર આક્રમણ કર્યું અને ટૂંક સમયમાં જ બંને સંપ્રદાયો વચ્ચે યુદ્ધ શરૂથયું. યુદ્ધ દરમિયાન, ભગવાન નેમિનાથ પ્રત્યેની તેમની અસીમ નિષ્ઠા અને ભક્તિએ વેપારી ધરના પાંચ પુત્રોને અપ્રતિમ ઉત્સાહ અને જુસ્સા સાથે લડવા માટે પ્રેરિત કર્યા. તેઓએ ઘણા દુશ્મન સૈનિકોને હરાવ્યા હોવા છતાં, મંદિર પ્રત્યેના તેમના તીવ્ર પ્રેમને કારણે તે પાંચેય પુત્રો શહીદ તરીકે મૃત્યુ પામ્યા. લોકવાયકા છે કે તેમના છેલ્લા શ્વાસો સુધી ગિરનારના મંદિર પ્રત્યેની તેમની અખંડ ભક્તિના પરિણામે, તેમના આગલા અવતારમાં, તેઓ ત્યાંનાં કાલમેઘ, મેઘનાદ, ભૈરવ, એકપદ અને ત્રૈલોક્યપદ નામના પ્રમુખ દેવતાઓ તરીકે જન્મ્યા હતા.

શાસ્ત્રીય પરંપરાઓમાં સ્વીકૃત મંદિરોના પ્રકાર અને કલાના પ્રકાર પ્રમાણે ગિરનાર પર્વતના મંદિરો આદર્શ કહેવા જોઈએ. અહીં આપણે ગુજરાતના ઉત્કૃષ્ટ શિલ્પકારો પાસેથી શિલ્પકલાનો ખજાનો જોઈ શકીએ છીએ. મંદિર બહારથી જોવામાં આવે કે અંદરથી, ભક્તિ અને કલા બંનેને સંપૂર્ણ વૈભવ સાથે દર્શાવવામાં આવ્યા છે. સમયાંતરે, ઘણા સમ્રાટો અને સમર્પિત ઉદ્યોગપતિઓએ આ તીર્થધામના પુનઃસ્થાપન અને વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

સંદર્ભ મળે છે કે સંવત ૬૦૯ માં કાશ્મીરના વેપારીઓ, અજીતશાહ અને રત્ના શાહે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સિદ્ધરાજના મંત્રી શ્રી સજ્જન શાહ અને વિખ્યાત મહામંત્રીઓ શ્રી વાસ્તુપલ તેજપાલ દ્વારા બારમી સદીના પુનઃસંગ્રહનો ઉલ્લેખ અહીં એક શિલાલેખમાં કરવામાં આવ્યો છે. ૧૩મીસદીમાં રાજા માંડલિકે અહીં સોનાનો ઢોળ ચડાવેલું મંદિર બનાવ્યું હતું. ચૌદમી સદીમાં સમરસિંહ સોની દ્વારા અને સત્તરમી સદીમાં વર્ધમાન અને પદ્મસિંહ દ્વારા આ યાત્રાધામનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ૨૦મી સદીમાં કેશવજી દ્વારાકરવામાં આવેલ જીર્ણોદ્ધારનો ઉલ્લેખ છે. આ ઉપરાંત આ તીર્થધામના વિકાસમાં ઘણા સમ્રાટો અને સરદારોએ મહત્વની ભૂમિકા ભજવી છે, જેમાં રાજા સંપ્રતિ, રાજા કુમારપાલ, મંત્રીસામંત સિંહ, મંત્રી સંગ્રામ સોની અને મંત્રી અમરદેવ વગેરેના નામ નોંધપાત્ર છે.

ગિરનાર પર્વતની તળેટીમાં બે શ્વેતામ્બર મંદિરો અને એક દિગંબરા મંદિર છે. પર્વતનું ચઢાણ મંદિરની નજીકથી જ શરૂથાય છે. લગભગ ૪૦૦૦ પગથિયાંનો ૩ કિ.મી. લાંબો, દુષ્કર રસ્તો છે, પરંતુ જ્યારે ભક્તનું હૃદય ભગવાનના દર્શનની ઝંખના કરે છે, ત્યારે રસ્તો અઘરો કે મુશ્કેલ થવાથી તે અટકતો નથી.

ચઢાણ પૂર્ણ કર્યા પછી, જૈન મંદિર સંકુલમાં પ્રવેશ કરતાં, ડાબી તરફ મંદિરોનો મોટો સમુહ છે. જમણી તરફ માનસિંગ રાજા, કચ્છના ભોજ રાજાનું જુનું ગ્રેનાઈટનું મંદિર છે તેથી વધુ આગળ વસ્તુપાળનું વિશાળ મંદિર છે. અહીંના ૧૬ મંદિરો એક ઉંચીકરાડ પર નાનકડા કિલ્લા જેવી રચના કરે છે. જો કે તે પ્રથમ શિખરથી ૬૦ ફૂટ નીચે છે. સૌ મંદિરોમાં નેમિનાથ મંદિર

સૌથી મોટું છે તે ૧૯૫ ફૂટ x ૧૩૦ ફૂટના લંબચોરસ આકાર પ્રાંગણમાં આવેલું છે. તેનું બાંધકામ ઈ.સ. ૧૧૨૮ થી ૧૧૫૯ સુધી થયેલું હોવાનો અંદાજ છે. આ મંદિરો બે ખંડ ધરાવે છે. જેને મંડપ કહે છે અને છેવટે ગર્ભ ગૃહ છે. ગર્ભ ગૃહમાં ભગવાન નેમિનાથની પદ્માસનમાં બેઠેલી કાળી મૂર્તિ છે, તેમની હથેળીમાં શંખ છે.ભગવાન શ્રી નેમિનાથના મુખ્ય ગર્ભગૃહનું પ્રવેશદ્વાર દેખાય છે. અહીં એક વિશાળ ૯૦'x ૧૩૦' 'ચોક' (આંગણા) ની મધ્યમાં બાંધવામાં આવેલ જિનાલય તેની અભૂતપૂર્વ ભવ્યતા દર્શાવે છે. આ જિનાલયની બરાબર સામે માનસંગ ભોજરાજનું નાનું મંદિરછે. આ મંદિરના પ્રમુખ દેવતા શ્રી સંભવનાથ છે. મુખ્ય શિખર- મંદિરની ઉત્તરે થોડે દૂર 'મેલકાવસાહી ટુંક' છે. સિદ્ધરાજના વડા પ્રધાન સજ્જન શેઠ દ્વારા બંધાયેલ, આ 'ટુંક'માં પ્રમુખ દેવતા શ્રી પાર્શ્વનાથ છે, જેમના માથા પર સર્પની હજારો ફેણ છે. તીર્થંકર આદિનાથની એક વિશાળ મૂર્તિ છે જેને લોકો 'અદભૂત જી' પણ કહે છે. સંગ્રામ સોનીની 'ટુંક' અહીંથી થોડે દૂર છે. ઉપલબ્ધ સંદર્ભો પરથી જાણવા મળે છે કે આ મંદિરનું નિર્માણ સોની સમર સિંહ અને માલદેવે કરાવ્યું હતું. મુખ્ય મંદિર બે માળનું છે જેના પ્રમુખ દેવતા 'શ્રી સહસ્ત્રફેણા પાર્શ્વનાથ' છે.

રાજા કુમારપાલની 'ટુંક' સંગ્રામ સોનીની 'ટુંક' કરતા આગળ છે. ઉપલબ્ધ સંદર્ભો પરથી જાણવા મળે છે કે આ 'ટુંક' ૧૩મીસદીમાં રાજા કુમારપાલ દ્વારા બનાવવામાં આવી હતી. અહીંના પ્રમુખ દેવતા શ્રી અભિનંદન સ્વામી છે. ભીમકુંડ અને ગજપદ કુંડપણ અહીં નજીક છે. વસ્તુપાલ-તેજપાલની 'ટુંક' આ 'ટુંક'થી થોડે દૂર છે. અહીંના પથ્થરના લખાણ પરથી જાણવા મળે છે કેઆ 'ટુંક'નું નિર્માણ સંવત ૧૨૮૮માં થયું હતું. અહીં ભગવાન શ્રીપાર્શ્વનાથ, ભગવાન શ્રી ઋષભદેવ અને ભગવાન શ્રી મહાવીરનું મંદિર છે. હવે, શ્રી શામળા પાર્શ્વનાથની છબી ઋષભદેવસ્વામીના મંદિરને શણગારે છે.

આ 'ટુંક'ની ખૂબ નજીક રાજા શ્રી સંપ્રતિની 'ટુંક' છે. મંદિર ખૂબ વિશાળ અને પ્રાચીન છે. આ સ્થાનના પ્રમુખ દેવતા ભગવાન શ્રીનેમિનાથ છે. અહીંથી થોડે દૂર અનુક્રમે શ્રી ચૌમુખજી, ભગવાનશ્રી સંભવનાથ, ધરમસી હેમચંદ્ર, ચૌબીસ જિનેશ્વર, સતી રાજુલમતીની ગુફા અને ગૌમુખી ગંગાની 'ટુંક' છે.

ગિરનારની પાંચ 'ટુંક' પ્રખ્યાત છે. પહેલી 'ટુંક' તીર્થંકર નેમિનાથની છે. બીજી 'ટુંક' શ્રી અંબાજીની છે. ત્રીજીને 'ઓગડ શિખર' કહેવામાં આવે છે જ્યાં ભગવાન નેમિનાથના પગના નિશાનો વિધિપૂર્વક સ્થાપિત કરવામાં આવેલા છે. નેમિનાથના શુભ ચરણ ચોથા 'ટુંક'ને પણ શોભાવે છે. પાંચમી 'ટુંક' પર્વતની ટોચ પર ગાઢ જંગલમાં સ્થિત છે; તેમાં નેમિનાથ અને વરદત્ત ગણધરના પગના ચિન્હો છે.

આ પવિત્ર યાત્રાધામની મુલાકાત લેવી એ જીવનનો લહાવો છે. નેમી અને રાજુલને વંદન, જેમના ચરણોએ ગિરનાર પર્વત માળાને આશીર્વાદ આપ્યા છે.

શાસનની શાક્ષીએ

ત્રિયોગે મિચ્છામી દુક્કડમ

**શિલ્પા અજાણી**

24/1/2023

# અશ્વાવ બોધ

રાજગૃહી નગરી...

મહારાજા સુમિત્ર... રાણી પદ્માવતી...ના પુત્ર ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામી....

ફાગણ સુદિ ૧ ૨ ના દિવસે વૈભવ, સમૃદ્ધિ, રાજભવન તથા પરિવારોનો ત્યાગ કરી.... દેવ-દેવેન્દ્રોના હર્ષનાદ વચ્ચે પ્રભુએ પ્રવજ્યા અંગીકાર કરી. દીક્ષા ગ્રહણનો પ્રસંગ ભવ્ય રીતે ઉજવાયો...

સંયમનો સ્વીકાર કર્યો... એવા ત્રણ જ્ઞાનના ધણી શ્રી મુનિસુવ્રતસ્વામીને ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું...મૌનપણે વિચરતાં પ્રભુ આત્મસાધનમાં ઓતપ્રોત થઈ ગયા....

પ્રબળ પુરુષાર્થ... દઢ મનોબળના કારણે કઠીન સાધનાઓ સાધી... આત્માના એક એક શત્રુઓને વીણી વીણીને પરાજિત કર્યા... આત્મસાધનામાં લીન એવા પ્રભુની જ્ઞાનની દિવ્ય જ્યોતિ ઝગમગી ઉઠી... મહા સુદ બારસના દિવસે અનંત વસ્તુને જણાવનારું અનંતજ્ઞાન એટલે ''કેવલજ્ઞાન'' ઉત્પન્ન થયું. દેવોએ કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી કરી.... સમવસરણની રચના કરી...

સુર અને અસુરના પરિવાર સહિત શ્રી મુનિસુવ્રતસ્વામી ઉદ્યાનમાં સમવસર્યા... સર્વજ્ઞ ભગવંત પૂર્વ દ્વારેથી સમવસરણમાં પ્રવેશ કર્યો... 'નમો તિત્થસ્સ' કહી સિહાસન પર બિરાજમાન થયા. માલકોશ રાગમાં અનુપમ, અદ્વિતીય મંગલમય વાણી વરસાવી...

પ્રભુની વાણીનું પાન કરી સર્વ જીવોના ચિત્ત પ્રસન્ન બની ગયા... સર્વના હૈયામાં અપાર હર્ષ વહેવા લાગ્યો...

પરમાત્મા નિરંતર પૃથ્વીપીઠ વિચરી અનેક આત્માઓને મોહ, માયાના બંધનમાંથી છોડાવી સન્માર્ગે વાળ્યા...

એવી રીતે પૃથ્વીતલ પર વિચરતાં વિચરતાં પ્રભુ અનેક ભવ્યાત્માઓનો ઉદ્ધાર કરતાં વિચરી રહ્યા છે. પોતાના કેવલજ્ઞાનના ઉપયોગથી પ્રભુએ પોતાના પૂર્વભવના મિત્રને અલ્પ આયુવાળો જાણ્યો... જે બોધ મેળવવાને પાત્ર હતો.

જે આ ભવના ભૃગુકચ્છનાં મહારાજાનો પટઅશ્વ હતો... તેના પર દૃષ્ટિ પડી. દયાના સાગર એવા પરમાત્માએ એના ઉદ્ધાર માટે એક જ રાત્રિમાં સાઈઠ યોજનનો ઘોરવિહાર કરી ભૃગુકચ્છ પધાર્યા...

શ્રી મુનિસુવ્રતસ્વામી ભૃગુકચ્છમાં પધાર્યા... તે જાણી નગરજનો દર્શનાર્થે ઉમટી પડ્યાં... દેવોએ જયજયકાર કર્યો... અદ્‌ભુત્ત સમવસરણની રચના દેવો દ્વારા કરવામાં આવી...આકાશમાંથી અનેક દેવ-દેવીઓના સમૂહ ઉતરી આવ્યા...

ભૃગુકચ્છ નગરીમાં રાજા જિતશત્રુ પોતાના પ્રિય અશ્વ સાથે પરિવાર સહિત પધાર્યા....

મહારાજા જિતશત્રુએ ત્રણ પ્રદક્ષિણા યુક્ત ભક્તિભાવથી વંદના કરી વાણી શ્રવણ કરવા ઉચિત

સ્વરે દેશનાનો પ્રારંભ કર્યો... ''જો કારિજ્જઇ જિણહરં, જિણાંણ જિયરાગદોસ મોહપણં,' સૌ પાવેઇ અન્નભવે, સુલહં ધમ્મવર રયણં.''

આનો અર્થ એમ છે કે, ''રાગ, દ્વેષ અને મોહને જિતનારા જિનેશ્વર પરમાત્માના મંદિરોનું જે નિર્માણ કરાવે છે, તે અન્ય ભવમાં ખૂબ જ સરળતાથી ધર્મરૂપી શ્રેષ્ઠ રત્નને પામી જાય છે.''

તીર્થંકર પરમાત્માની વાણીનું સામર્થ્ય અસીમ અને વિસ્મયકારક હોય છે. પરમાત્માની વાણી એક યોજનમાં રહેલાં સર્વે પ્રાણીઓ... માત્ર દેવ અને મનુષ્ય જ નહિં. પરંતુ પશુ, પંખીઓ પણ પોતપોતાની ભાષામાં સમજે છે.

''જે મનુષ્ય જિનમંદિરનું નિર્માણ કરાવે છે. તેને અન્ય ભવમાં ધર્મના શ્રેષ્ઠ રત્નની પ્રાપ્તિ સુલભ થાય છે.''

તે જ વખતે સમવસરણમાં બેઠેલા રાજાના પટઅશ્વના  કાને શબ્દો અથડાયા અને તે વિચાર કરવા લાગ્યો... આ શબ્દો ખૂબ પરિચિત લાગે છે... આ શબ્દો પર અશ્વવિચાર કરવા લાગે અને અતીતનું વિસ્મરણ દૂર થતાં અશ્વને ''જાતિ સ્મરણજ્ઞાન'' ઉત્પન્ન થયું...

મહારાજા જિતશત્રુના પટ્ટઅશ્વના રોમરાજી હર્ષિત થઇ ગયા... તે પોતાનો આનંદ અભિવ્યકત કરવા ઉભો થઇને હણહણવા લાગ્યો... અને મનુષ્યો અને દેવોની વચ્ચે નિર્ભય અને નિઃશંક બની પ્રભુજીની સમક્ષ આવીને ઉભો રહ્યો... ભક્તિ ભાવપૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપી વારંવાર વંદન કરવા લાગ્યો... પોતાના હૈયાનો ઉમળકો દર્શાવવા લાગ્યો...

અશ્વનો હર્ષારિતેક જોઇ મહારાજા જિતશત્રુએ પ્રભુને મધુર સ્વરે પૂછ્યું, ! આપની વાણીનું શ્રવણ કરીને મારો પટ્ટઅશ્વ આટલો બધો હર્ષ કેમ વ્યક્ત કરે છે ?' મને એ સમજાતું નથી...

પ્રભુએ મધુર સ્વરે કહ્યું, રાજન્, મારો અને તારા પટ્ટઅશ્વનો પૂર્વભવનો સંબંધ છે. એની કથા મારી સાથે સંકળાયેલી છે.'

'કૃપાળું, આપ સવિસ્તારથી જણાવો. તો મને પણ  કંઇક જાણવાનું મળશે...' મહારાજા જીતશત્રુએ વિનંતિ કરતાં કહ્યું...

----

મુનિસુવ્રતસ્વામી મહારાજા જિતશત્રુની વિનંતીને લક્ષમાં લઇ પટ્ટઅશ્વનો પૂર્વભવ કહી રહ્યા છે.

ભરતખંડ....

પદ્મિની નામનું નગર...

એક શેઠ તે નગરમાં વસતાં હતાં... ધર્મ પ્રત્યે શ્રદ્ધાળું અને અગ્રેસર હોવાથી એમને નગરજનો જિનધર્મશ્રેષ્ઠી કહીને જ બોલાવતા...

તે જ નગરમાં સાગરદત્ત નામના શેઠ રહેતા હતા તે શેઠ સ્વભાવે દયાળું, સરળ અને દક્ષિણ્યવૃત્તિ ધરાવતા હતા તેથી તેઓ પણ નગરમાં પ્રીતિપાત્ર બન્યા હતા. પણ તેઓ શિવધર્મી હતા...

જિનધર્મશેઠ અને સાગરદત્ત શેઠ વચ્ચે પ્રગાઢ મૈત્રી હતી. જિનધર્મશેઠની મિત્રતાને કારણે

સાગરદત્તશેઠને જૈન ધર્મ પ્રત્યે આદર થયો.. એમ એમનામાં પણ ગુણોનો વિકાસ થયો જિનધર્મશેઠના સંસર્ગમાં આવ્યા પછી સાગરદત્ત શેઠના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું...

પહેલા સાગરદત્તશેઠે પુષ્કળ દ્રવ્ય ખરચીને શિવાલય બંધાવ્યું હતું... પૂજાના ખર્ચની પૂજારીની વ્યવસ્થા બધુ તેમણે કરી રાખ્યું હતું... શિવાલયમાં જોઇતી તમામ સામગ્રી તેઓ મોકલી આપતા હતા....

જિનધર્મશ્રેષ્ઠિની સાથે મિત્રતા બાંધી, 'એક મિત્ર કેવો હોવો જોઇએ ? મિત્ર એવો હોવો જોઇએ કે, 'જે સન્માર્ગે લઇ જનારો હોય, અને આત્માનો કલ્યાણ કરનારો હોય.' તેને જ 'કલ્યાણ મિત્ર' કહેવાય...

સાગરદત્ત શેઠ રોજ પોતાના મિત્ર જિનધર્મશ્રેષ્ઠિ સાથે મુનિ ભગવંતોના પ્રવચન સાંભળવા જતા હતા. પ્રવચનો રોજ આત્માનો ઉત્થાન કરી અવનવી વાનગીઓ પીરસાતી હતી.... અને એવી વાણીનું શ્રવણ કરી સાગરદત્તશેઠને દાનાદિ ધર્મમાં રૂચી જન્મી અને તેઓ તે કાર્યમાં ઉદ્યમશીલ બન્યા...

એકવાર મુનિભગવંતે પ્રવચનમાં જિનાલય નિર્માણની વાત બતાવી, કે જિનાલય નિર્માણમાં કેવો કેવો લાભ છે. આ સાંભળી સાગરદત્તશેઠે વિચાર્યું, મારી પાસે પુષ્કળ ધન, દ્રવ્ય છે. હું પણ ભગવાન જિનેશ્વરનું મંદિર બંધાવું તો કેવું સરસ...!

સાગરદત્ત શેઠના કર્ણપટ પર મુનિભગવંતના શબ્દો ગુંજતા હતા... સાગરદત્ત શેઠ વિચારતાં હતા કે આ જીવે અનાદિકાળથી સંસારમાં અનેક સંબંધો બાંધ્યા છે હવે 'જિનપ્રાસાદનો નિર્માણ કરીને શ્રી જિનેશ્વર ભગવંત સાથે ઉચિત સંબંધ બાંધવો છે.' આ જિનાલય અનેક આત્માઓના કલ્યાણનું ધામ બનશે...અનેક લોકો પ્રભુજીનાં દર્શન, સેવાપૂજાથી ધન્ય બની જશે.. સાગરદત્તશેઠે પોતાના અંતરમાં ઉદ્દભવેલી ભાવનાને સાકાર કરવા તૈયાર થઇ ગયા... મિત્ર જિનધર્મ શ્રેષ્ઠિના માર્ગદર્શન હેઠળ એક દર્શનીય, ભવ્ય જિનાલય બંધાવ્યું. આ પ્રસંગે મહોત્સવ રચાયો. પ્રભુની પ્રતિષ્ઠા ધામધૂમપૂર્વક થઇ....

ત્યાર પછી સાગરદત્ત શેઠ જિનમંદિરે જઇ શ્રી જિનેશ્વર ભગવંતની ઉપાસના કરવા લાગ્યા. એમનો આંતરિક આનંદ વધવા લાગ્યો...સાગરદત્તશેઠ હવે પોતાનો ઘણો ખરો સમય જિનાલયમાં જિનભક્તિમાં વીતાવતા હતા. તેથી શિવાલય તરફ પૂરતું ધ્યાન આપી શકતા નહોતા... શિવાલયની વ્યવસ્થા જોવા માટે જઇ શકતા ન હતા...

શિવાલયના જે પ્રબંધકો હતા તેમનામાં શેઠની ચર્ચા અને ઈર્ષ્યા પણ થવા લાગી પણ કોઇ કશું બોલી શકતું નહીં.

એકવાર ઘણાં મહિનાઓ પછી સાગરદત્તશેઠ શિવાલયમાં ગયા... ત્યારે પૂજારીએ કટાક્ષભર્યા શબ્દોમાં કહ્યું, 'શેઠજી, ઘણાં સમયે દેખાયા. સમય મળ્યો ખરો...! ખૂબજ ધર્મમાં ઉંડા ઉતરી ગયા છો કે શું...'

સાગરદત્તશેઠને આ શબ્દો બાણ જેવા લાગ્યા... તેમનું હૃદય આ શબ્દો સાંભળી વ્યથિત થઇ

ગયું... આ શબ્દો અપમાનજનક લાગ્યા શેઠ ત્યાંથી ઘરે આવ્યા પણ પૂજારીના વચનોથી ભારે આઘાત લાગી ગયો... ત્યાં ને ત્યાં જ હૃદય બંધ પડી ગયું... શેઠ આર્તધ્યાન કરતાં મૃત્યુ પામ્યાં... અને ત્યાંથી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા.

હે રાજન્ ! ભવસાગરમાં રખડતાં રઝડતાં તેમણે અનેક ભવો કર્યાં. અને હવે આ ભવમાં તમારો પટ્ટ અશ્વ થયેલ છે....

મહારાજા જિતશત્રુ એકાગ્ર થઇને પ્રભુની વાણી સાંભળી રહ્યા હતાં. ત્યાં ઉપસ્થિત રહેલા નગરજનો પણ વિસ્મય અનુભવી રહ્યા હતાં.

પરમકૃપાળુ પરમાત્માએ પટ્ટઅશ્વના પૂર્વભવની વાત કહી પોતાની સાથેનો સંબંધ વર્ણવ્યો 'રાજન્, તારા પટ્ટઅશ્વને દુર્ધ્યાન અને દુષ્કર્મથી પશુનું જીવન મળ્યું. પરંતુ ધર્મે એનો સાથ છડ્યો નથી. અશ્વનો અવતાર લીધો છતાં પણ તે યોનિમાં તેને ઉત્તમ સાધનોની પ્રાપ્તિ થઇ. સમગ્ર સંસાર દગો આપી શકે પરંતુ ધર્મ કદી પણ દગો આપતાં નથી....

પુણ્ય યોગથી 'જો કારિજ્જ જિણહરં' શબ્દો અશ્વના કાનમાં પડ્યાં અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું... તેનાથી અશ્વે પોતાના પૂર્વભવો નિહાળી લીધા, અનુભવી લીધા. હવે આ અશ્વને જિનવચનની પ્રતીતિ, અખૂટ વિશ્વાસ અને વૈરાગ્ય જન્મ્યો છે. દુર્લભ વસ્તુ મેળવ્યાનો અશ્વને અપાર હર્ષ અને આંતરિક આનંદ થઇ રહ્યો છે....

રાજન્ ! આ સિવાય હર્ષ અન્ય કારણ એ છે કે, 'જે જિનધર્મનામના શ્રેષ્ઠિ એના મિત્ર હતા. તે હું પોતે જ છું.'

અશ્વના આયુષ્યની અલ્પતા અને પ્રતિબોધનાં અવસર જાણી અત્રે એના આત્મકલ્યાર્થે અમે અહીં આવ્યા છીએ...

રાજને પરમાત્માને કહ્યું, મારો અશ્વ આપને કંઇક સંજ્ઞા કરી રહ્યો છે. ત્યારે પરમાત્માએ કહ્યું, રાજન્, આ અશ્વને હૈયાની અનેક વાતો કરવી છે. એ બોલી શકતો નથી પરંતુ સંજ્ઞા વડે સૂચિત કરે છે.

હે 'ભગવન્ ! ધર્મની તમામ સામગ્રી મળ્યા છતાં હું પરવશ છું, હું કશું કરી શકવા અશક્તિમાન છું, પરાધીન છું..

મારા હૈયામાં હવે આજીવન અણસણ કરવાની ભાવના રહી છે. માટે મને અણસણ કરાવો. મારા પર ઉપકાર કરો.'

પરમાત્માએ કહ્યું : 'રાજન્, તમારા પટ્ટ અશ્વને આત્મ ઉત્થાનની લગની લાગી છે. તે ખૂબ મોટુંકાર્ય કરવા તૈયાર થયો છે. થોડા જ દિવસની આત્મસાધનાથી પોતાનું કલ્યાણ સાધી લેશે.'

અશ્વએ અણસણવ્રતનો સ્વીકાર કર્યો... કોઇપણ કામના સેવ્યા વગર શાંત ચિત્તે, શ્રી મુનિસુવ્રતસ્વામીના સ્મરણમાં રમણ કરવા માંડ્યું... અશ્વ આત્મસાધનામાં સાવધાન બન્યો... હૈયું ધર્મભાવનાથી રંગાઇ ચૂક્યું હતું. સંસારનાં બંધનોને ફેંકી દીધા હતા... શુભ ભાવનાથી નવકારનું સ્મરણ કરતાં, અન્ય લોકોના મુખે નવકાર સાંભળતાં પંદરમાં દિવસે અશ્વે શાંતિપૂર્વક પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું અને તેનો જીવ ત્યાંથી નીકળી દેવલોકમાં અતિ સમૃદ્ધશાળી દેવ બન્યો....

# સતી નંદયંતી

સોપારક નગરની કન્યા....

પોતનપુર નગરની પૂત્રવધુ...

નામ હતું નંદયંતી !

નાગદત્ત શ્રેષ્ઠિની પુત્રી હતી... તો સાગરચંદ્ર વણિકના પુત્ર સાગરદત્તની પત્ની હતી.

માતા-પિતા તરફથી નાનપણથી જ સુંદર સંસ્કાર મળ્યા હતા... વિવિધ ગૃહકલાઓનું ખાસ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું... આ બધાના કારણે એનો સંસાર આનંદથી ચાલી રહ્યો હતો...

સમુદ્રદત્ત પણ સુંદર-સોહામણો-વિદ્વાન અને વેપાર-રોજગારમાં અત્યંત કુશળ યુવક હતો...

એકદા મનમાં એક વિચાર ઝબક્યો. પિતાની કમાઇ ઉપર મારે ક્યાં સુધી તાગડધિન્ના કરવા ? હવે હું મોટો થયો. હું સ્વસ્થ છું... હોશિયાર છું... મારે મારું ભાગ્ય અજમાવવું જોઇએ... મારે જાતે કમાઇ કરવી જોઇએ....

આ વિચાર એણે પોતાના પિતાજી પાસે પ્રગટ કર્યો. પિતાજી ! આપ મને રજા આપો, હું વેપાર ખેડવા, પૈસા કમાવવા વિદેશ જવા ઇચ્છું છું....

એકના એક લાડકવાયા પુત્રની વાત સાંભળી પિતા ચમક્યો... સ્નેહથી પુત્રને કહ્યું- '' બેટા ! આપણે ધનની ક્યાં ખોટ છે ? આપણને ભાગ્યથી ઘણું મળ્યું છે. ધન સામગ્રીથી ઘર છલકાઇ રહ્યું છે. તમે શા માટે વિદેશ કમાવવા જવું પડે ?''

સમુદ્રદત્તના મનમાં એ વાત ઉતરી નહીં. એણે પિતાને ઘણી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો... પરંતુ પિતાજીએ એની વાત સ્વીકારી નહીં. સમુદ્રદત્તે પિતાને કહ્યું- '' પુત્રને તો આપકમાઇ કરવી જોઇએ દેશ-દેશાવર જવાથી અનુભવ અને હોશિયારી વધે છે. ઘરમાં બેસી રહેવાથી મન સંકુચિત થઇ જાય છે.'' પિતાજીને ઘણું સમજાવવા છતાં જ્યારે ન માન્યા તો સમુદ્રદત્તે છાનામાના નાસી જવાનો નિશ્ચય કર્યો....

એકદા એ મધ્યરાત્રીએ જાગી ગયો. ઘરમાં બધા ભરનિદ્રામાં સૂતા છે એની ખાત્રી કરી ઘરમાંથી બહાર નિકળ્યો. થોડાક પગલા આગળ ગયો... ત્યાં એને વિચાર આવ્યો ''માતા-પિતાને મળ્યા વગર નિકળ્યો એ તો ઠીક પરંતુ પ્રેમાળ પત્નીને મળીને મારે નિકળવું જોઇએ.'' એ પાછો પોતાના ઘેર ગયો... બારણાનાં છીદ્રમાંથી નંદયંતીને જોવા લાગ્યો...

અચાનક નંદયંતી જાગી ગઇ... પતિને બાજુમાં ન જોયા તો ઘબરાઇ ગઇ... ચોધાર આંસુએ રડવા લાગી... પતિના વિરહને સહન કરવા અસમર્થ એવી સ્ત્રીએ ફાંસો ખાઇને મરી જવાનો નિશ્ચય કર્યો...

એવામાં સમુદ્રદત્ત બારણું ખોલી, પત્નીને ભેટી પડ્યો અને પોતાના પરદેશગમનની વાત સમજાવી. નંદયંતી સમજુ અને શાણી સ્ત્રી હતી એટલે પતિના શ્રેયમાં જ પોતાનું શ્રેય માની... વિરહવેદનાને મનમાં શમાવીને પ્રસન્ન વદને પતિને દેશાવર જવાની રજા આપી.

સમુદ્રદત્તના પરદેશ ગયા પછી ત્રણેક મહિને નંદયંતીને સગર્ભાવસ્થાના ચિહ્ન દેખાવા લાગ્યા. સાસુ-સસરાને આ વાતનો ખ્યાલ આવતાં વિચારવા લાગ્યા... ''પુત્ર તો પરદેશ ગયો છે અને પુત્રવધૂ સગર્ભા છે જરૂર કાંઇક ગોટાળો થયો છે. પુત્ર વધૂએ કોઇ આયોગ્ય પગલું ભર્યું છે.'' નિર્દોષ પુત્રવધૂના શુદ્ધ ચારિત્ર માટે શંકા ઉત્પન્ન થઇ. એમણે પોતાના નિષ્કરૂણા નામના સેવકને નંદયંતીને જંગલમાં છોડી આવવા આદેશ કર્યો...

ત્યાં ગયા પછી નંદયંતીને જ્યારે પોતાને ઘરમાંથી કાઢિ નાખ્યાની વાત જાણવામાં આવી તથા એનું કારણ જાણ્યું ત્યારે તે ઉચ્ચસ્વરે કલ્પાંત કરવા લાગી. હું નિર્દોષ છું... મારું શીલ અખંડ છે... મારે મારા સ્વામી સિવાય બધા પુરૂષો ભાઇ અને પિતા સમાન છે. એમ બોલતી વિલાપ કરવા લાગી.

ખરેખર કર્મનો કોયડો વિચિત્ર છે. ક્યારે કયું કર્મ ઉદયમાં આવશે ?.... સુખભરપુર જીવનમાં ક્યાંથી અચાનક દુઃખના ડુંગરા આવી પડશે તે જાણવું અને સમજવું કઠીન છે. એટલે જ તો જ્ઞાની ભગવંતો કહે છે કર્મ બાંધતી વખતે જાગૃત-સાવધાન બનો... કર્મના ઉદયમાં રડવાથી શું વળે ?

સેવકતો ચિઠ્ઠીનો ચાકર... એતો જંગલમાં મૂકીને ચાલ્યો ગયો...

એટલામાં એના પુણ્ય યોગે મૃગપુર નગરીનો રાજા પક્ષરાજ ત્યાં અચાનક આવી ચડ્યો. વિલાપ કરતી નંદયંતીને જોઇને એની પાસે જઇને સ્નેહથી મૃદુ વચનોમાં એની વાત પૂછી... એની વાત સાંભળી રાજાને ઘણી જ દયા ઉત્પન્ન થઇ. તેથી નંદયંતીને દિલાસો આપી... પોતાની બહેન બનાવી... પોતાની સાથે મૃગપર નગરીમાં લઇ ગયો....

મૃગપર નગરીમાં નંદયંતી પુષ્કળ દાન કરતી... વ્રત-નિયમોનું પાલન કરતી... રાત દિવસ પતિનું સ્મરણ કરતી યથાસમયે તેને પુત્ર અવતર્યો... રાજા તેનું પુત્રવત્ પાલન કરે છે.

સમય વીતતો જાય છે. પરદેશ ભાગ્ય અજમાવવા ગયેલો સમુદ્રદત્ત વેપારમાં ઘણુંજ દ્રવ્ય ઉપાર્જન કરી ઘેર આવે છે. પત્નીને ઘરમાં ન જોતાં તેની પૂછપરછ કરે છે. પત્નીની થયેલી દુર્દશાના સમાચાર જાણી અત્યંત દુઃખી દુઃખી થઇ જાય છે. માતા-પિતાને કહે છે- ''તમે ઘણી જ ગંભીર ભૂલ કરી છે, નંદયંતી બિલકુલ નિર્દોષ છે. તેને જે ભર્ગ હતો તે મારો જ હતો.'' બધાને ઘણોજ પશ્ચાતાપ થયો...

પત્નીના વિયોગે દુઃખી થયેલો સમુદ્રદત્ત તેની શોધમાં નિકળ્યો... તે ફરતો ફરતો મૃગપુર નગરમાં

આવી પહોંચ્યો... ત્યાં રાજાની આજ્ઞાથી નંદયંતી  સદા દાન કરતી હતી. તેણે એક મોટું સદાવ્રત ખોલ્યું હતું... અને પાસેનાજ મકાનમાં રહીને ગરીબ અને દુઃખીયાઓના દુઃખ નિવારણ કરતી હતી...

મૃગાપુર નગરમાં આવી પહોંચેલો સમુદ્રદત્ત ઘણોજ ભુખ્યો-તરસ્યો થયો હતો.... અત્યંત થાકેલો હતો. તેણે અન્નક્ષેત્રમાં જઇને પોતાની ક્ષુધા નિવારણ કરી. દૂરથી એણે નંદયંતીને ઓળખી લીધી હતી. પણ ઘણા સમયથી તે એકલી રહેતી હોવાથી તેમાં કાંઇ ફરક પડ્યો કે કેમ ? તે જાણવા માટે તેણે તેના શિયળની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો...

સમુદ્રદત્તે તે ગામમાંથી એક દૂતીને નંદયંતીની પાસે પરીક્ષા માટે મોકલી. દૂતી નંદયંતી પાસે જઇને કહે છે – ''હે સુંદરી ! તું તારું જીવન આમ શા માટે એળે ગુમાવે છે ? અહીં એક દેવકુમાર જેવો વણિકપુત્ર આવ્યો છે. તે તારા ઉપર ઘણો મોહિત થયો છે. તે અતિ ધનવાન છે. જો તારી ઇચ્છા હોય તો હું એની સાથે તારું ચોકઠું બેસાડી આપું.''

દૂતીના આવા વચન સાંભળીને નંદયંતીએ કહ્યું –''હે મૂર્ખ સ્ત્રી! આજે તો તું આવું બોલી તે બોલી, પણ ફરી ક્યારેય મારી પાસે આવા વચન બોલીશ નહીં.... સતીનું તેજ કેટલું હોય છે, તેની તને હજુ ખબર નથી જો તું વધારે આગ્રહ કરીશ તો હું આત્મહત્યા  કરીશ, અને તેનું પાપ તારા શિરે ચોંટશે.''

દૂતીએ જઇને સમુદ્રદત્તને બધી વાત જણાવી.

સમુદ્રદત્ત પત્નીનું પતિવ્રતા-શિયળવ્રત જોઇને અત્યંત પ્રસન્ન થયો.

પોતાનો અસલી વેશ ધારણ કરી નંદયંતીને જઇને મળ્યો...

સતી નંદયંતીએ દૂરથી સ્વામિનાથને આવતા જોયા અને જલ્દીથી સામે ગઇ....ભેટી પડી... અણધાર્યા મિલનથી ક્યાંય સુધી બન્નેની આંખોમાંથી આનંદની અશ્રુધારા વહેતી રહીં... લાંબા સમય સુધી સુખ-દૂઃખની વાતો કરી પોતાના અંતરાત્માને શાંત કર્યો.

મૃગાપુરના રાજવી પણ આ શુભ સમાચાર સાંભળી અત્યંત પ્રસન્ન થયા.. ધામધૂમથી સતી નંદયંતીને પોતાના સ્વામિનાથ સાથે સ્વગૃહે જવા પ્રેમથી વિદાય આપી...

સતી નંદયંતી અને સમુદ્રદત્તે સાનંદ જીવન પસાર કર્યું...

પૂર્વ ભવમાં ઘરે ગોચરી માટે પધારેલા મુનિરાજની ઉપેક્ષા-અપમાન કરી આહારમાં અંતરાય કર્યો... એ પાપના ઉદયે આ ભવમાં પતિનો વિયોગ થયો...

પૂર્વભવની વાત જાણી વૈરાગ્ય પામી સતી નંદયંતીએ સંયમનો સ્વીકાર કર્યો... જ્ઞાન-ધ્યાન-તપની સુંદર સાધના કરી આત્મકલ્યાણ સાધ્યું...

# જયલક્ષ્મી બાગ

## ગુરુપદ મહિમા

ગુરુ પદ મહિમા!

ખરેખર આ કોઇ અજબગજબનો મહિમા છે... સામાન્ય માનવી એને ક્યાંથી જાણી શકે ? ગુરુ પદ મહિમાને જાણનાર અવશ્ય મહાપુણ્યનિધાન હોય છે.. મહા પુણ્યના ઉદય વિના ગુરુ મહિમાને જાણી શકાતો નથી. એને જાણવાનો નહિં ખરેખર એને માણવાનો હોય છે. સાંભળી છે પેલી કડી–

**गुरुवर तेरे चरकणोंकी गर धूल जो मिल जाए ।**
**सच कहता हुं मेरी तकदीर संवर जाए ॥**

આ શબ્દો એમને એમ મોઢામાંથી નથી નિકળ્યા... એમને એમ કાગળ ઉપર નથી લખાયા. ગુરુ મહિમાને જાણનાર... માણનાર અને એનો અપૂર્વ અનુભવ કરનાર કોઇ બડભાગીના હૃદયમાંથી... ગુરુભક્તિના અદ્‌ભૂત ભાવોમાં ડૂબાયેલી કલમ દ્વારા લખાયેલા છે. એનો સાચો સ્પર્શ પણ ગુરુભક્ત જ જાણી માણી કે સમજી શકે છે... બીજાનું એવું ગજું ક્યાં ?

એકદા એક પુણ્યશાળી યુવાને વડિલોથી ચાલ્યા આવતા મકાનને નવલું રૂપ આપવાનો નિર્ણય કર્યો... ઘરના બધાએ વાતને વધાવી લીધી. દાદાએ યુવાનને પોતાની મનની વાત રજુ કરી યુવાને થોડો વિચાર કરી યોગ્ય કરવાની વાત સ્વીકારી જ નહીં. પણ હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી.

સમય સરકતો ગયો... કામ ચાલુ થયું... પૂર્ણ થયું. નવા રૂપને પામેલા જુના ઘરના વાસ્તુનો પ્રસંગ આવ્યો. ઘણા મહેમાનો આવ્યા સ્નેહિ સ્વજનો–મિત્રો આવ્યા. બધાએ નવા ઘરના વખાણ કર્યા પણ બધાના મનમાં એક મુંઝવણ હતી, કોઇ બોલતું ન હતું. વાત એમ હતી કે આ ઘરનું નૂતનીકરણ તો થયું હતું પરંતુ આ ઘરની કેટલીક ટાઇલ્સ (લાદિઓ) પહેલાની જ હતી... ત્યાં નવી લાદિઓ નાંખવામાં આવી ન હતી.

એક મિત્રથી રહેવાયું નહિં એણે કહ્યું– ''દોસ્ત! લાગે છે છેલ્લે છેલ્લે બજેટ પુરું થઇ ગયું એટલે આ થાગડ–થીંગડ કરી છે. તકલીફ હોય તો અમને જણાવત તો આટલો લાભ અમે લઇ લેત.''

મિત્રે તો વાતને ટાળવાનો પ્રયત્ન કરતાં કહ્યું– ''આ તો નવા ઘરને નજર ન લાગે એટલે આવું રાખ્યું છે.''

જમતાં જમતાં ફરી આ પ્રશ્નની ચર્ચા ચાલી ત્યાં લાકડીનો સહારો લેતા દાદાજી ત્યાં આવ્યાં.

એમણે ધીરે ધીરે ચર્ચાનો દોર પોતાના હાથમાં લીધો અને વાતને આગળ વધારતાં એક અદ્ભૂત રહસ્યને ખુલ્લું કર્યું...

મિત્રો ! અમારા પૌત્ર સુમિતે ઘરના નૂતનીકરણનો પ્રસ્તાવ રાખ્યો. બધાએ વધાવી લીધો... ઘરના નૂતનીકરણની આવશ્યકતા પણ હતી... હું વિચારવા લાગ્યો... બાકી બધું તો ઠીક પણ અમારું ઘર દેરાસરની બાજુમાં ... ઘરમાં બધાના ભક્તિભાવ સારા... રોજ-રોજ અમારા ઘરમાં સાધુ સંતોના પગલા થાય. આ ઘરમાં હજારો સાધુ-સાધ્વી ભગવંત, આચાર્ય-ઉપાધ્યાય ભગવંતોના હજારોની સંખ્યામાં પગલા થયા છે. એવા હજારો સંતોની ચરણરજથી પાવન થયેલી આ લાદિઓ નિકળી જશે... શું અમારું લખલુટ પુણ્ય નહીં લુંટાઇ જાય ? ના... ના આ ટાઇલ્સતો એમ જ રહેવી જોઇએ... મેં સુમિતને પાસે બેસાડી મનની વાત જણાવી. એને મારી વાતમાં તથ્ય સમજાયું... એણે મારી વાત વધાવી લીધી... મને મારા પૌત્ર માટે ગર્વ છે...''

સાંભળનારા સહુ સ્તબ્ધ બની ગયા, કેવી ઉંડી શ્રદ્ધા... કેવું ઉચ્ચ કોટિનું બહુમાન... કેવી પરંપરાની જાળવણી. અનેકોના મસ્તક ઝૂકી ગયા... ધન્ય દાદા... ધન્ય પૌત્ર...

બધાને આજે વિચારવાની... ચિંતનની નવી દિશા પ્રાપ્ત થઇ હતી... સંતના સાનિધ્ય અને નિશ્રાથી પોતાના જીવનમાં અનુભવેલી અનેક વાતો સહુ જણાવવા લાગ્યા... પોતાના જીવનમાં મસ્ત... દેવ-ગુરુ તત્ત્વને સમજવામાં સુસ્ત જીવો જાણે ઊંડી ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. એમને એમ લાગતું હતું આપણે ક્યાંક ભૂલા પડયા છીએ.

આપણો નંબર તો આવા અનાથોમાં લાગતો નથી ને ? દેવ-ગુરુના સાથ અને હાથ વિના આપણે બધા અનાથ છીએ... તેથી જ સંસારની રખડપટ્ટી ચાલુ છે... દુઃખ-દર્દ દુર્ભાગ્ય અને દુર્ગતિમાં ફેરા ફરીએ છીએ... ગુરુપદનો મહિમા જેમણે જાણ્યો છે તેઓ સતત એમની કૃપા પામવા થનગને છે. ગુરુની ચરણરજ પ્રાપ્તિ એ જ એમની તકદિરના -નસીબના દ્વારા ખોલવાની ચાવી Master key છે.

જીવનમાં કોઇ પણ મુસીબત આવે પહોંચી જાય ગુરુ ચરણોમાં મુસીબત ગાયબ... કોઇ પણ કાર્ય કરવું છે ગુરુના આશીર્વાદ લઇને જ કરે.

સફળતા અને સિદ્ધિ પામીને જ રહે... હા... પણ સાવધાન ! ગુરુકૃપા કે ગુરુ આશિષ એમને એમ મળતા નથી... માંગવાથી મળતા નથી. આપણે તો જોર શોરથી નારા લગાવી દઇએ... **ગુરુજી અમારો અંતરનાદ... અમને આપો આર્શીવાદ.**

અંતરના આશીર્વાદ પામવા પ્રથમ સમર્પણભાવ જોઇએ... શ્રદ્ધા અખંડ અને અચલ જોઇએ. બસ ! સદ્ગુરુને શોધી કાઢો... એમના પ્રત્યે સમર્પણ ભાવ અને શ્રદ્ધા કેળવો પછી તમારા જીવનમાં જોવા

અને અનુભવવા મળતી ચમત્કારોની પરંપરાના સાક્ષી બનો... જેમને ગુરુની ચરણરજ મળી એમનો બેડો પાર છે... માનવ ભવ જેમ દુર્લભ છે તેમ સદ્‌ગુરુની પ્રાપ્તિ પણ દુર્લભ છે. સદ્‌ગુરુ મળી જાય છતાં શ્રદ્ધા એનાથી દુર્લભ છે... શ્રદ્ધા થાય પણ સંપૂર્ણ સમર્પણ ભાવ એનાથી વિશેષ દુર્લભ છે... અંતે ગુરુકૃપાતો મહાપુણ્યવંતા જીવોને જ પ્રાપ્ત થાય છે.

આત્મકલ્યાણની કેડિએ ગુરુકૃપાનો અમીપાન જીવને અમરત્વ અપાવીને જ રહે છે. આવા અમીપાન સહુ જીવો પામે અને એના દ્વારા સહુ પોતાના જીવન પથને અજવાળે એજ અંતરની અભિલાષા...

**ગુરુ પામ્યા બધુંજ પામ્યા...**

**ગુરુ વિના બધુંજ ગુમાવ્યું...**

ભવોભવના ખોટના ધંધાને લાભમાં ફેરવવા સવેળા એ જાગી સાચા પુરુષાર્થમાં લાગી જઇએ...

1

# મારું સ્વરૂપ

હે રાજન્ યૌવનના પ્રારંભમાં
મારી આંખોમાં અસહ્ય વેદના ઉત્પન્ન થઇ
મારા સંપૂર્ણ શરીરના બધા જ અંગોમાં તીવ્ર
આગ-બળતરા થતી હતી.
કોઈ ક્રોધિત શત્રુ મારા શરીરના
કાન, નાક આદિ છીદ્રોમાં
અત્યંત તીક્ષ્ણ શસ્ત્ર પ્રહાર કરતો હોય
તેવી જ તીવ્ર વેદના આંખોમાં થાય છે.
ઈન્દ્ર મહારાજાના વજ્રપ્રહારની જેવી તીવ્ર
ઉષ્ણ વેદના થાય છે એવી ઘોર વેદના
મારા કમર-હૃદય-મસ્તકમાં થતી હતી.

2

# મારી અનાથતા

મારી ચિકિત્સા માટે વિદ્યા મંત્ર અને
મૂળ આદિના પ્રયોગમાં નિષ્ણાત, એનાથી
ચિકિત્સા કરનારા અદ્વિતિય શાસ્ત્ર કુશલ કેટલાક
આયુર્વેદાચાર્ય ઉપસ્થિત થયા
આ બધાએ જેમ મારું હિત થાય
એમ ચતુષ્પાદ ચિકિત્સા કરી પરંતુ તે મને
આ રોગના દુઃખથી મુક્તિ ન આપી શક્યા.
આ મારી અનાથતા હતી...

3

મારા પૂજ્ય પિતાજી
મારી વ્યાધિની ચિકિત્સા માટે
પોતાની સર્વ સંપત્તિ ઉપહાર સ્વરૂપ
આપી દિધી.
ઘણા પ્રયાસ પછી પણ તેઓ
મને દુઃખમાંથી મુક્ત ન કરી શક્યા.
એ મારી અનાથતા હતી.
મારી વાત્સલ્યમયી માતા
પુત્ર શોકના દુઃખથી વ્યથિત હતી...
પરંતુ એ મને આ દુઃખથી મુક્ત
ના કરી શકી.
**એ મારી અનાથતા હતી.**

# સ્નેહિ-સ્વજનો

4

મારા નાના-મોટા સહોદર
ભાઈ હતા...
એ પણ મારી વેદનાથી દુઃખી હતા
પરંતુ મને આ વ્યાધિમાંથી મુક્ત ન
કરી શક્યા. **એજ મારી અનાથતા હતી.**
મારી નાની-મોટિ સગી બહેનો હતી
તે પણ મને રોગના ચંગુલમાંથી છોડાવી
ન શકી. **એજ મારી અનાથતા હતી...**
મારા ઉપર અનુરક્ત -પતિવ્રતા એવી
મારી સ્ત્રી મારી વેદનાને જોઈ સતત રડતી
હતી... અન્ન-પાન-સ્નાન-ગંધ
માલા-વિલેપન આદિનો ત્યાગ
કર્યો હતો. ક્ષણવાર પણ એ મારી
પાસેથી ખસતી ન હતી...
મારી સેવામાં દિવસ-રાત તત્પર હતી..
પરંતુ એ પણ મને મારા
દુઃખથી મુક્ત ન કરી શકી
**એજ મારી અનાથતા હતી...**

5

अप्पा णई वेयरणी, अप्पा मे कूड-सामली ।
अप्पा कामदुहा घेणु, अप्पा मे पांदणं वणं ।।
સ્વયંની (દુષ્ટ) આત્મા જ વૈતરણી નદી છે...
આત્માજ કૂટ શાલ્મલી સમાન દુઃખદાયી છે.
અને
પોતાની (પાવન) આત્માજ કામધેનું ગાય છે...
નંદનવન સમાન સુખદાયી છે.

# આત્મા

अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च, दुपट्ठिय सुपट्ठिओ ।।

**આત્મા જ પોતાના સુખ અને દુઃખનો કર્તા છે... એ જ ભોક્તા છે... સન્માર્ગગામી આત્મા જ પોતાનો મિત્ર છે અને ઉન્માર્ગગામી આત્માજ પોતાનો શત્રુ છે**

ण वि मुंडिएण समणो, ण ओंकारेण बंभणो ।
ण मुणी रण्ण वासेण, कुस चीवरेण तावसो ।।

**મસ્તક મુંડાવવા માત્રથી શ્રમણ નથી બનાતું ૐકારના જાપ કરવા માત્રથી બ્રાહ્મણ નથી બનાતું.. વનમાં રહેવા માત્રથી મુનિ નથી બનાતું... કુશના વસ્ત્ર પહેરવા માત્રથી તાપસ નથી બનાતું..**

समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।
णाणेण य मुणी होइ, तवेण होइ तावसो ।।

**સમતાથી શ્રમણ થાય છે... બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય છે... જ્ઞાનથી મુનિ થવાય છે... તપ થી તાપસ બનાય છે..**

विवाणिया दुक्खविवद्धणं धणं, ममत्तबंधं च महाभयावहं ।
सुहावह धम्मधूरं अणुत्तरं, धारेज्ज णिव्वाण – गुणावहं–महं ।।

**ધનને દુઃખ વર્ધક, એવં મમતાના બંધનોને મહા ભયાવહ જાણીને, મોક્ષના ગુણોને પ્રાપ્ત કરાવનાર એવં અનંતસુખ દાયક અનુત્તર ધર્મની મહાધુરાને ધારણ કરો...**

जहा किंपाग –फलाणं, परिणामो ण सुंदरो ।
एवं भुत्ताण भोगाणं, परिमाणो न सुंदरो ।।

**જેવા પ્રકારે કિંપાક ફળોના ઉપભોગ પછી પરિણામ સુંદર નથી હોતા... કટૂ હોય છે. તેવી જ રીતે આ કામ-ભોગોના પરિણામ સુંદર નથી હોતા... કટૂ હોય છે...**

जम्म दुक्खं जरा दुक्खं, रोगाणि मरणाणि य ।
अहो दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतवो ।

**સંસારમાં જન્મ દુઃખ રૂપ છે... જરા-વૃદ્ધાવસ્થા પણ દુઃખ રૂપ છે... રોગ અને મરણ પણ દુઃખરૂપ છે... અહો ! આ સંસાર અતિશય દુઃખમય છે. જ્યાં જીવો કલેશ પામે છે.**

# લોહિત્યગિરિ

ભારતની પાવન ભૂમિ....
ત્યાં પદ્મપુર નગરી...
જ્યાં વસતા હતા ધનશ્રેષ્ઠિ...
સત્વશાળી અને ખુમારીવંત...
સન્માર્ગ અને લીધેલા નિયમ પાલનમાં સદા અડગ રહેનારા...

એકદા એક દેવ શેઠના સત્વની પરીક્ષા કરી. શેઠ પોતાના માર્ગમાં–વ્રતમાં અડગ–નિશ્ચલ રહ્યા. દેવે કસોટી કર્યા છતાં જરાપણ ચલાયમાન ન થયા. દેવ અત્યંત પ્રસન્ન થયો. નિશ્ચલતા નિહાળી ખુશ થયેલા દેવે શેઠને અનેક પ્રભાવશાળી મંત્રો ભેટ આપ્યા...

એકદા ધનશ્રેષ્ઠિ સંઘસહિત ગિરિરાજની યાત્રાએ ગયા. ગિરિરાજની યાત્રાથી અત્યંત હર્ષિત થયેલા શ્રેષ્ઠિએ ગિરિરાજ ઉપર ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું. પોતાના બનાવેલા જિનાલયમાં એકદા પ્રભુ ભક્તિ કરીને ધ્યાનમાં લયલીન બનેલા ધનશેઠ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયા અને ચાર ઘાતી કર્મ ખપાવી કેવળજ્ઞાની બન્યા... પછી ગિરિરાજ ઉપર જ નિર્વાણ પદને પામ્યા...

આ અદ્‌ભૂત હકીકતને સાંભળીને વૈરાગ્ય અને વિસ્મ પામેલા પદ્મપુરના રાજવી લોહિત્યે એક કરોડ મનુષ્યો સાથે દીક્ષા લીધી.... લોહિત્યમુનિ ગિરિરાજની યાત્રાર્થે આવ્યા... ગિરિરાજની ભાવપૂર્વક યાત્રા કરી ધનશ્રેષ્ઠિએ બનાવેલા જિનાલયમાં દર્શનાર્થે પધાર્યા... પ્રભુના દર્શન–ભક્તિ કરી પ્રભુના ધ્યાનમાં લીન બન્યા... પ્રભુનું ધ્યાન ધરતાં લોહિત્યમુનિ અંતકૃત કેવલી (કેવળજ્ઞાન પામી ૪૮ મિનિટની અંદર મોક્ષપ્રાપ્તિ) થયા. ઈન્દ્ર મહારાજ ગિરિરાજ ઉપર આવ્યા લોહિત્યાદિ મુનિઓનો ભવ્ય નિર્વાણ મહોત્સવ કર્યો, આથી ગિરિરાજ લોહિત્યગિરિ નામે પ્રસિદ્ધિ પામ્યા...

આપણે આવી ગિરિરાજ ભક્તિ–પ્રભુ ભક્તિના ક્યારે સ્વામિ બનીશું ? ભક્તિ મુક્તિની દૂતી છે. આપણે ગિરિરાજના આલંબને ભક્તિ દ્વારા મુક્તિની સાધના કરી જીવન ધન્ય બનાવીએ....

# CHILDREN'S CORNER

## Suffering - grief ends then Happiness comes

**Come let us see the result of craving-greed of Ghrāṇèndriya!**

The infatuation of smell directs the free flying beetle in the sky to sit on the lotus...he does not feel like leaving this smell...he sits till the evening...he is intoxicated with it...as the evening comes the lotus starts closing...the bee understands that the lotus will close but the craving of ghrāṇèndriya does not allow him to fly in the free sky...the smell of lotus clutches him...I will just fly away... thinking that I will just fly away and the lotus closes then...the flying beetle is imprisoned in the lotus now. The entire night he fails to come out...he is suffocated sitting inside...he repents. But he has one hope that there will be dawn...sun will rise...the lotus will bloom...so I will fly away...but his thought remains in his mind only...before the dawn an elephant comes to the pond to drink water...the lotus is plucked and eaten...the poor beetle succumbs to death.

Such is the suffering of imprisonment...the pain of death has been suffered infinite times by the jīva due to dependency and slavery of the indriya-senses but the truth is not yet understood.

Another story of the beetle dying due to slavery of sense of smell is said.

Honey flows from the cheek of the elephant. Attracted by this smell many beetles gather near elephant's head and side of the body...they keep humming... then bored and tired of the buzzing of the beetles, the elephant flaps its ears constantly...many beetles die in its rush...many such death-agony in ignorance state have been suffered by the jīva...

**This is the story of the slavery of Cakṣurindriya...**

The sun is going down...slowly the kingdom of darkness is closing in all around... to get rid of the darkness and get light in every house the lamps are lit. Seeing the golden flame of the lamp, the butterfly loses consciousness...misses the thought of consequences... bewitched by the flame...gets attracted and falls into the flame... immediately burnt and destroyed...what a crushing slavery!

**Now is described the fifth slavery of**

**śrotèndriya showing the reality of tragic end!**

What is done to catch the deer running freely in the forest or the snake lying in its house?

Do you know? No? Then listen...

When the deer is to be trapped in the net/noose, the hunter lays the trap...then the hunter plays beautiful music... pleasant to the ear...hearing the pleasant music the deers from the forest come there in a little while...get together...they became engrossed in the music...the poor jīva do not know that they are going to lose their life. Where the motionless deer are listening to the music the hunter pulls and contracts the net...the naive deer fall prey to him...this is the fruit of dependency on śrotèndriya...!

This is also the condition of snake and its wife. When the snake heard the sound of music it comes out of its hole and the snake charmer catches it...therefore it remains imprisoned in his home lifetime.

Such many stories of dependency on each sense organ resulting in terrible consequences are found. Talking about these stories Sujña muni bhagavaṅta describing the spirit of āśrava (influx of karma) says –

मृग पतंग अलि माछलो करि एक विषय प्रपंच
दु:खीया ते किम सुख लहे रे, जस परवश ऐह पंचो रे...

**Mṛga pataṅga ali māchalo kari èka viṣaya prapaṅca**

**Du: khīyā tè kima sukha lahè rè, jasa paravaṣa èha paṅco rè...**

Hèy! Manuṣya! At least understand... slavery of single sense organ causes death of deer, butterfly, beetle, fishes and elephant...makes miserable then what will the condition of the jīva who is slave of five sense organs? How can he become happy?

Slavery of senses is the path of misery and not happiness. The path of happiness is attained by winning the senses. One has to become 'Jitèndriya-winner over senses'. Those who have become Jitèndriya only have obtained happiness and have become happy.

There is no happiness in lust of sensual pleasures...it is illusion of happiness. The real victory is in conquering lewdness. This is proved by Sthulībhadra...

There is no happiness in slavery of food-eating...it is illusion of happiness. The real happiness is to attain the status-position where no food is consumed...

So get ready...

If suffering has to be avoided, happiness to be attained...

So let's strive to be masters of senses and not slaves...

That is the only royal path to happiness...

# જ્ઞાન સુધારસ પીજે....

પ્રશ્ન ૨૩ - હે ભગવન્! ધર્મકથા કરવાથી જીવને શું લાભ થાય છે?

ઉત્તર -ધર્મકથા કરવાથી જીવની કર્મ-નિર્જરા થાય છે. પ્રવચનની -જૈન ધર્મની પ્રભાવના થાય છે. પ્રવચનની પ્રભાવના કરવાથી જીવ ભવિષ્યકાળમાં ભદ્રતા (સરળતા)થી શુભ કર્મનો જ બંધ કરે છે.

પ્રશ્ન ૨૪- હે ભગવન્! શ્રુતની આરાધના કરવાથી જીવને શું લાભ થાય છે?

ઉત્તર- શ્રુતની આરાધના કરવાથી જીવ અજ્ઞાનનો નાશ (ક્ષય) કરે છે. અજ્ઞાનનો નાશ થવાથી રાગ-દ્વેષજન્ય કલેશ-સંકલેશ શાંત થાય છે. જીવ કલેશ રહિત બને છે.

પ્રશ્ન ૨૪- હે ભગવન્! મનની એકાગ્રતાથી જીવને શું લાભ થાય છે?

ઉત્તર - મનની એકાગ્રતાથી જીવ ચિત્તવૃત્તિનો નિરોધ કરે છે.

પ્રશ્ન ૨૬- હે ભગવન્! સંયમ ધારણ કરવાથી જીવને શું લાભ થાય છે?

ઉત્તર - સંયમ ધારણ કરવાથી આશ્રવોનો નિરોધ થાય છે.

પ્રશ્ન ૨૭- હે ભગવન્! તપસ્યા કરવાથી જીવને શું લાભ થાય છે?

ઉત્તર- તપસ્યા કરવાથી જીવના પૂર્વકૃત કર્મોનો ક્ષય થાય છે.

પ્રશ્ન ૨૮- હે ભગવન્! વ્યવદાન (પૂર્વકૃત કર્મોનો ક્ષય) થી જીવને શું લાભ થાય છે?

ઉત્તર- પૂર્વકૃત કર્મોનો ક્ષય થવાથી જીવ અક્રિય થાય છે. અક્રિય થવાથી સિદ્ધ થાય છે, અર્થાત્ કૃતકૃત્ય થાય છે. બુદ્ધ થાય છે અર્થાત્ કેવલજ્ઞાન અને કેવલદર્શનથી સંપૂર્ણ લોકાલોકનો જ્ઞાતા અને દૃષ્ટા બને છે. સર્વ કર્મોથી મુક્ત થાય છે. કર્મરુપી અગ્નિને બુઝાવીને શીતલ થાય છે તથા શારીરિક અને માનસિક સર્વ દુઃખોનો અંત કરે છે.

પ્રશ્ન ૨૯ - હે ભગવન્! સુખશાતા (વિષય-સુખના ત્યાગ)થી જીવને શું લાભ થાય છે?

ઉત્તર-સુખશાતાથી અર્થાત્ વિષયસુખના ત્યાગથી જીવને વિષયો પ્રતિ અનિચ્છા ઉત્પન્ન થાય છે. નિરભિમાની અને ચિંતા શોક રહિત થાય છે. તેથી ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરે છે.

પ્રશ્ન ૩૦- હે ભગવાન્! અપ્રતિબદ્ધતા (વિષય સુખોમાં આસક્તિ ત્યાગ)થી જીવને શું લાભ થાય છે?

ઉત્તર - અનાસક્તિથી નિસ્સંગતા પ્રાપ્ત થાય છે. નિસ્સંગતાથી જીવ રાગ-દ્વેષ રહિત થવાથી એકાગ્ર ચિત્તવાળો થાય છે. રાત-દિવસ કોઇ પણ પદાર્થમાં અનુરાગ ધારણ કર્યા વગર અપ્રતિબધ્ધ ભાવથી વિચરે છે.

પ્રશ્ન ૩૧- હે ભગવન્ ! વિવક્ત શયના સનતા (સ્ત્રી-પશુ-નપુંસક રહિત સ્થાનમાં શયન અને આસન કરવા) થી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર - સ્ત્રી-પશુ-નપુંસકથી રહિત એકાન્ત સ્થાન, શયન, આસનનું સેવન કરવાથી ચારિત્રની રક્ષા થાય છે. ચારિત્રની રક્ષા કરનારો જીવ વિવક્તાહારી હોય છે. તે જીવ વિગઇ આદિમાં આસક્ત થતો નથી. એવો જીવ ચારિત્રમાં એકાન્ત દઢ થવાથી મોક્ષ સાધક બને છે. આઠ પ્રકારના કર્મોની ગ્રંથિ ભેદિને મોક્ષ પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન ૩૨ - હે ભગવન્ ! વિનિવર્તનાથી (વિષયોના ત્યાગથી) જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- વિનિવર્તના કરવાવાળો જીવ પાપકર્મ ન કરવા ઉદ્યમવંત બને છે...ધર્મકાર્ય કરવા ઉદ્યમવંત બને છે. પહેલા બાંધેલા પાપકર્મની નિર્જરા કરીને પાપ કર્મથી મુક્ત થાય છે. પછી ચારગતિમય સંસારરુપી અટવીને પાર કરી જાય છે.

પ્રશ્ન ૩૩- હે ભગવન્ ! સંભોગના પચ્ચક્ખાણથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- સંભોગનો ત્યાગ કરવાથી જીવ આલંબનોનો ક્ષય કરે છે. પરાવલંબી મટિને સ્વાવલંબી બને છે. સ્વાવલંબી જીવના યોગ કેવળ શુભ પ્રયોજનો માટે જ પ્રવૃત્તિ થાય છે. ને જીવ સ્વલાભમાંજ સંતુષ્ટ રહે છે.બીજાના લાભનો ઉપયોગ-કલ્પના નથી કરતો. બીજાએ લાવેલો આહાર સારો છે એવી ઇચ્છા કરતો નથી. એ આહારાદિ માટે પ્રાર્થના કરતો નથી. આવો જીવ બીજી સુખશય્યાને પામે છે (ઠાણાંગ સૂત્ર)

(એક સમાચારીવાળા સાધુ-સાધ્વીજી ભગવંતની આહાર-વસ્ત્ર-પાત્ર-ઉપધિ આદિ સંબંધિ લેન-દેન વ્યવહાર - વંદનાદિ વ્યવહાર સંભોગ કહેવાય છે.)

પ્રશ્ન ૩૪- હે ભગવન્ ! ઉપધિના પચ્ચક્ખાણથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર - રજોહરણ-મુખવસ્ત્રિકા -વસ્ત્ર-પાત્રાદિ ઉપધિના પચ્ચક્ખાણથી સ્વાધ્યાય આદિમાં વિઘ્ન આવતું નથી. નિરુપાધિક જીવને વસ્ત્ર-પાત્રાદિની અભિલાષા ઇચ્છા રહેતી નથી. ઉપધિ ન હોવાથી શારીરિક કે માનસિક કલેશ થતો નથી.

પ્રશ્ન ૩૫- હે ભગવન્ ! આહારના પચ્ચક્ખાણથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- આહારના પચ્ચક્ખાણ કરવાથી જીવન જીવવાની લાલસા છૂટી જાય છે. જીવન પ્રત્યેની આસક્તિ નાશ પામવાથી આહાર ન મળે તો પણ કોઇ સંકલેશ થતો નથી.

પ્રશ્ન ૩૬- હે ભગવન્ ! કષાયના પચ્ચક્ખાણથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર - ક્રોધાદિ કષાયના પચ્ચક્ખાણ કરવાથી વીતરાગ ભાવની પ્રાપ્તિ થાય છે. વીતરાગ ભાવને પામેલો જીવ સુખ-દુઃખમાં સમભાવ રાખવાવાળો થાય છે.

પ્રશ્ન ૩૭ - હે ભગવન્ ! મન-વચન-કાયા રૂપી યોગોની પ્રવૃત્તિના પચ્ચક્ખાણ કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર - મન-વચન-કાયારૂપી ત્રણ યોગોની પ્રવૃત્તિના પચ્ચક્ખાણ-નિરોધથી અયોગી

અવસ્થા અર્થાત્ શૈલેશીભાવની પ્રાપ્તિ થાય છે. અયોગી જીવને નવા કર્મોના બંધ ન થાય અને પૂર્વબદ્ધ અઘાતી કર્મોની નિર્જરા થાય છે.

પ્રશ્ન ૩૮- હે ભગવન્ ! શરીરના પચ્ચક્ખાણથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- ઔદારિકાદિ શરીરોના પચ્ચક્ખાણ-ત્યાગથી સિદ્ધોના અતિશય ગુણ પ્રકટ થાય છે. સિદ્ધોના અતિશય ગુણ સંપન્ન જીવ લોકાગ્રમાં પહોંચેલો જીવ પરમ સુખી થાય છે. અર્થાત્ મોક્ષને પામે છે.

પ્રશ્ન ૩૯- હે ભગવન્ ! સહાયતાના પચ્ચક્ખાણ-ત્યાગથી જીવને શું લાભ થાય છે?

ઉત્તર- બીજા મુનિઓની સહાયતા લેવાના પચ્ચક્ખાણ કરવાથી જીવ એકત્વ ભાવનાને પ્રાપ્ત કરે છે. એકત્વ ભાવના પામેલો જીવ એકાગ્રતાની ભાવના ભાવતો શબ્દ રહિત ગણમાં ભેદ પડે એવા વચન બોલતો નથી. કલહ રહિત, કષાય રહિત મારા-તારાના ભાવ રહિત બનીને વિશિષ્ટ સંયમવાળો અને સમાધિવંત થાય છે.

પ્રશ્ન ૪૦- હે ભગવન્ ! આહારનો ત્યાગ કરવાના પચ્ચક્ખાણથી જીવને શુ લાભ થાય છે ?

ઉત્તર- આહારનો ત્યાગ કરવાથી જીવ સેંકડો ભવોનો નિરોધ કરે છે. અલ્પસંસારી થાય છે.

પ્રશ્ન ૪૧- હે ભગવન્ ! સદ્ભાવ પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર - સદ્ભાવ પ્રત્યાખ્યાન એટલે પ્રવૃત્તિ માત્રનો ત્યાગ. સદ્ભાવ પ્રત્યાખ્યાનથી જીવ અનિવૃત્તિકરણને પ્રાપ્ત કરે છે. શૈલેશી અવસ્થાને પ્રાપ્ત અણગાર ચાર અઘાતી કર્મો (વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર) નો ક્ષય કરે છે. સિદ્ધ થાય છે કૃતકૃત્ય થાય છે. બુદ્ધ-મુક્ત થાય છે. સર્વ દુઃખોનો અંત કરે છે.

પ્રશ્ન ૪૨- હે ભગવન્ ! પ્રતિરુપતા (દ્રવ્ય અને ભાવથી શુદ્ધ સ્થવિરકલ્પી મુનિનો વેશ ધારણ કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- પ્રતિરુપતાથી જીવ લઘુતાને પ્રાપ્ત કરે છે. પ્રમાદ રહિત થાય છે. મુનિવેશ અને જીવરક્ષા નિમિત્ત મુખવસ્ત્રિકા, રજોહરણવાળો થઇને વિશુદ્ધ સમ્યક્ત્વી થાય છે. સત્વ અને સમિતિથી પરિપૂર્ણ, સર્વ પ્રાણી-ભૂત-જીવ-સત્વો માટે વિશ્વાસનીય બને છે અલ્પ ઉપધિના કારણે અલ્પ પ્રતિલેખના વાળો જીતેન્દ્રિય, વિપુલ તપ-સમિતિથી યુક્ત મહાતપસ્વી થાય છે.

પ્રશ્ન ૪૩ - હે ભગવન્ ! વૈયાવૃત્ય કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- વૈયાવૃત્ય કરવાથી જીવ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે.

પ્રશ્ન ૪૪ - હે ભગવન્ ! સર્વગુણ સંપન્તાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- જ્ઞાનાદિ સર્વ ગુણોથી સંપન્ન હોવાથી જીવ અપુનરાગમન (જન્મ-મરણ રુપ સંસારમાં ફરીથી ન આવવા રુપ) નો લાભ પામે છે. અપુનરાગમનને પ્રાપ્ત થયેલ જીવ શારીરિક અને માનસિક દુઃખોનો ભાગી થતો નથી.

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૧)

જૈન દર્શનના સામાન્ય જ્ઞાનથી આધારીત પ્રશ્નો બે વિભાગમાં ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા'' અંતર્ગત મૂકવામાં આવ્યા છે. પ્રશ્નો બરાબર વાંચીને મોડામાં મોડા **૧૫ એપ્રિલ-૨૩** સુધી નીચેના સરનામે મોકલવાના રહેશે. પ્રથમ ત્રણ વિજેતાને **રૂા. ૫૦૦, રૂા. ૩૦૦** અને **રૂા. ૨૦૦** ના ઈનામો મોકલવામાં આવશે. તથા **બધા સ્પર્ધકોના નામ આગામી અંકમાં છાપવામાં આવશે.** નીચેના સરનામે સ્પર્ધાના જવાબો મોકલાવશો.

**'' ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા -(૧૨૧) ''**

shilpaajani1@gmail.com પર ઇ-મેઇલ કરો. **અથવા**

whatsapp Mo. 98211 13338

ઇ-મેઇલ થી મોકલાવેલ ઉત્તરપત્રો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા હોવા જરૂરી છે. સ્કેન કરી પણ મોકલી શકાશે. આપનું નામ, સરનામું તથા કોન્ટેક્ટ નં. અવશ્ય લખશો...

## ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૧)''

**I નીચેના પ્રશ્નોના જવાબ લખો : -**

**૧. જમાલીને કેટલી પત્ની હતી ?**
**૨. શ્રી ગુણનિધાનસૂરિએ કેટલા વરસની ઉંમરે દીક્ષા લીધી ?**
**૩. શત્રુંજય તીર્થ ઉપર ધૂપ પૂજાથી કેટલા ઉપવાસનું ફળ મળે ?**
**૪. ઠાણાંગ સૂત્રમાં સુખના કેટલા પ્રકાર કહ્યા છે ?**
**૫. જગડુશાહે ઉત્તર પ્રદેશમાં કેટલી દાનશાળા ખોલી હતી ?**
**૬. નાલંદા પાડામાં પ્રભુ મહાવીરસ્વામીએ કેટલા ચોમાસા કર્યા હતા ?**
**૭. શ્રી ચંદ્ર કેવલીનું નામ કેટલી ચોવિસી સુધી રહેશે ?**
**૮. બપ્પભટ્ટસૂરિને આચાર્ય પદવી મળી ત્યારે તે કેટલા વરસના હતા?**
**૯. શ્રેણિક રાજાના પરિવારમાં કેટલા જણાએ દીક્ષા લીધી ?**
**૧૦. શ્રી મુનિસુવ્રતસ્વામિના કેટલા ગણધર હતા ?**
**૧૧. વાસુદેવના પ્રાસાદ કેટલા હાથ પ્રમાણ હોય ?**
**૧૨. ભ. મહાવીરસ્વામીની અંતિમ દેશના કેટલા પ્રહરની હતી ?**
**૧૩. આ અવસર્પિણી કાળમાં કેટલા તીર્થંકરોને સુર્યોદય સમયે કેવળજ્ઞાન થયું ?**

૧૪. શક્રસ્તવના પદ કેટલા ?
૧૫. કુંથુનાથ ચક્રવર્તીને 'છ' ખંડ સાધવા કેટલા વરસ લાગ્યા ?
૧૬. ચંદ્રનુ વિમાન પૃથ્વીથી કેટલા યોજન ઉંચુ છે ?
૧૭. અંજના સતીને પતિનો વિયોગ કેટલા વરસ સુધી થયો ?
૧૮. કુમારપાળ રાજા રોજ કેટલા જિનાલયોના દર્શન કરતા હતા ?
૧૯. નંદિષેણ મુનિએ વેશ્યાના ઘરમાં રહિને કુલ કેટલાને પ્રતિબોધ્યા ?
૨૦. વિમલવસહિના નિર્માણમાં કેટલા વરસ લાગ્યા ?

## II જિનશાસનમાં પ્રસિદ્ધ નવ આસનના નામ નીચેના કોઠામાં લખો : -

A




### B નીચેના પ્રશ્નોના જવાબ કોઠામાં ગોઠવો : -

૧. શ્રી અરનાથ ભ. ના માતાજી.
૨. શ્રી વીરપ્રભુના એક શ્રાવક
૩. શ્રી અજીતનાથ ભ. ના શાસનદેવ
૪. શ્રી ચંદ્રપ્રભસ્વામીના પિતાજી
૫. સુંદરી સતીનું પૂર્વભવનું નામ
૬. અઢારમાં વિહરમાન જિન
૭. ઋષભદેવ પ્રભુનું ચોથા ભવનું નામ
૮. હરિષેણ ચક્રવર્તીના પિતાજી
૯. આનંદ બળદેવના પિતાજી
૧૦. અચલગચ્છના અધિષ્ઠાયિકા



# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૦)

(ગતાંકના સાચા જવાબ)

I (૧) તપ (૨) ૬ (૩) વિવાહ પન્નતિ (પ્રજ્ઞપ્તિ)/ભગવતી (૪) આચાર્ય પદ – પુરુષોત્તમ નૃપ (૫) નરક વિષે (૬) યશોભદ્ર (૭) અંતગડ સૂત્ર (૮) અક્ષિણ મહામાનસી (૯) ૧૪ (૧૦) નૃસિંહ (૧૧) સુષમ (૧૨) ૧૬ (૧૩) ચિત્રરસાંગ (૧૪) મહસેન (૧૫) ગોત્રકર્મ (૧૬) ભદ્રબાહુસ્વામી (૧૭) ઉમાસ્વાતિવાચક (૧૮) અક્ષયનિધિ (૧૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ–શંખેશ્વર તીર્થ અને શ્રી નેમિનાથ પ્રભુ–ગિરનાર તીર્થ (૨૦) શ્રી દમયંતી તપ.

II **A** (૧) રસત્યાગ (૨) સર્વરસ. **B** (૧) ભગવતી (૨) સપર્યવસિત. **C**(૧) આહારક (૨) મનોરથ. **D**(૧) વિષય (૨) વિપાક. **E**(૧) પક્ષખમણ (૨) માણવ. **F**(૧) પ્રમાદ (૨) માર્દવ. **G** (૧) જ્ઞાનપ્રવાદ (૨) સંજ્વલન. **H** (૧) ઈશિતા (૨) વશિતા.

---

**ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૦)માં નીચેના ભાગ્યશાળીઓએ ભાગ લીધેલ.**

(૧) શ્રીમતી મધુરી કીશોર ડાઘા – કોઈમ્બતુર
(૨) શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા – નવી મુંબઈ
(૩) શ્રીમતી ગીતા દીલીપ છેડા – મુલુન્ડ
(૪) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ – મુલુન્ડ

**પ્રથમ વિજેતા**

1) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ
402, Manisha elite,
P K road,
New Aditi Hospital
Mulund (w) Mumbai - 80.

**દ્વિતીય વિજેતા**

શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા
23, Lalka cottage,
Sector - 12,
Vashi - 400 703.

**તૃતીય વિજેતા**

શ્રીમતી ગીતા ડી. છેડા
304, shreyans Apt.
Sarvodaya Parsasnath Nagar,
Jain Mandir road, Mulund (w) - 400 080.